# ખોરજ રેલવે ટ્રેક પર સુઈ ગયેલા આધેડનાં બે ટુકડા...!

## રાત્રે ૩ વાગે શરીરના ટુકડા ભેગા કરીને મેમુ ટ્રેનનાં ડબ્બામાં મુકી મૃતદેહ ગાંધીનગર રેલવે સ્ટેશન લવાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા ખોરજ રેલવે ટ્રેક પર મધરાતે સુઈ ગયેલા માનસિક રીતે સામાન્ય અસ્થિર આધેડ પર આણંદથી આવતી મેમુ ટ્રેનનું પૈડુ ફરી વળતા શરીરના ત્રણ ટુકડા થઈ ગયા હતા અને ઘટના સ્થળે જ આધેડનું કરુણ મોત નિપજયું હતું. મેમુ ટ્રેનના ચાલક શરીરના ટુકડા ભેગા કરીને ડબ્બામાં મુકી ગાંધીનગર રેલવે સ્ટેશન મૃતદેહ લઈ આવ્યા હતા અને અડાલજ પોલીસને જાણ કરતાં પોસ્ટ મોટર્મ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખોરજ રેલવે ટ્રેક પર ગઈ રાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં એક આધેડ સુઈ ગયેલો હતો. આણંદથી આવતી મેમુ ટ્રેનના ચાલકે સુતેલા આધેડનો જોઈને હોર્ન માર્યો પરંતુ તે ઉભો થયો નહીં. આખરે મેમુ ટ્રેનનું પૈડું આધેડ પર ફરી વળ્યું અને હાથ-પગ શરીરથી અલગ થઈ ગયા હતાં. ટ્રેન ઉભી રાખીને ડ્રાઈવરે શરીરના જુદા થઈ ગયેલા ટુકડા ભેગા કરીને ડબ્બામાં મુકી મૃતદેહ ગાંધીનગર રેલવે સ્ટેશને પહોંચાડયો અને અડાલજ પોલીસને ઘટનાની જાણ કરતાં પીએસઆઈ નટુભા જાડેજા સ્થળ પર દોડી આવ્યા હતા. મૃતકના ખિસ્સા ફંફોસતા મળી આવેલી એક નંબરવાળી ચિઠ્ઠીથી તેની ઓળખ થઈ કે તે જમીયતપુરા હુડકો વિસ્તારમાં રહેતો ૪૫ વર્ષીય ગાંડાભાઈ ઈશ્વરભઈ દંતાણી છે. અડાલજ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ગુનાની વધુ તપાસ શરુ કરી છે. મૃતકના દિકરાના જણાવ્યાનુસાર છેલ્લા ત્રણેક માસથી તેના પિતા ગાંડાભાઈની માનસિક સ્થિતિ સારી રહેતી ન હતી જેને લઈ તેમના ખિસ્સામાં મોબાઈલ નંબરની ચિઠ્ઠી રાખતો હતો...!


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

### બહુરૂપી કળાને જીવંત રાખતો કલાકાર

ભારતીય સંસ્કૃતિમાં કુલ ૬૪ કળાઓનું મહત્વ વર્ણવાયેલું છે. આ કળાઓમાંની એક બહુરૂપી કળા એ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમાન છે. જો કે હાલના જમાનામાં આ કળા લુપ્ત થતી જણાઈ રહી છે. પરંતુ હજુ પણ કેટલાક કલાકારો આ કળાને જીવંત રાખી રહ્યા છે. ચિલોડાના આવા જ એક કલાકાર બાબુભાઈ જીવણભાઈ ત્રિગોર વર્ષોથી વિવિધ પાત્રો જેવા કે દેવ-દેવીઓ, ફિલ્મી અભિનેતાઓ, ભરવાડ, ગુરૂ-ચેલા વગેરેને રજૂ કરતા આવ્યા છે. આ કલાકાર તેમની લગન દ્વારા આ કળાને જીવંત રાખવા મહેનત કરી સાંસ્કૃતિક વારસાને જાળવવા મથી રહ્યા છે.

### આજે સ્વામિનારાયણ ધામમાં દિવાળી સભા યોજાશે

સ્વામિનારાયણધામ ગાંધીનગર દ્વારા દિપાવલી સભાનું આયોજન કરવામાં આવ્યુંછે. આજે સોમવાર રાત્રે ૮.૩૦ વાગે સ્વામિનારાયણધામ ઈન્ફોસિટી સામે કોબા-ગાંધીનગર હાઈવે પર યોજાશે. અંધકારમાં ડુબી ગયેલ માનવીને પ્રકાશની જરૂર હોય છે. અને દિવાળીએ ઉજાસનો તહેવાર છે. ત્યારે સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા અને ગાંધીનગર દ્વારા આજે સ્વામિનારાયણ ધામ ખાતે આજે દિવાળી સભા યોજવામાં આવશે. સભામાં પૂ. મૂર્તિસ્વામીજીના શ્રી મુખેથી અંધકારને દૂર કરતુ અને જીવનમાં પ્રકાશની પ્રેરણા આપતુ પ્રવચન આપવામાં આવશે.

# જુસિકા સેક્ટર-૧ થી ૪ ના રહિશોને મફત શબવાહિની સેવા આપશે

## સરગાસણ રૂદ્રભૂમિ ખાતે સ્વજનોના અગ્નિસંસ્કાર કરવા માટે જુસિકાએ અનુરોધ કર્યો

ગાંધીનગર, તા. ૧૨

ગુડાએ સરગાસણમાં રૂદ્રભૂમિ અંતિમધામનું નિર્માણ કર્યુ છે. ત્યારે જુનિયર સિટિજન કાઉન્સિલ સેક્ટર-૧ થી ૪ ના રહીશો માટે મફત શબવાહિની સેવા આપશે. તેમજ રૂદ્રભૂમિ અંતિમધામની આસપાસના રહીશોને સ્વજનોની અંતિમ સંસ્કાર કરવા માટે આ સ્મશાનનો ઉપયોગ કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરનો વિકાસ બુલેટ ટ્રેનની જેમ થઈ રહ્યો છે. નગરમાં દરેક રાજ્યના લોકો વસવાટ કરે છે. ત્યારે શહેરની વસ્તીને ધ્યાનમાં રાખીને ગુડા દ્વારા નવા ગાંધીનગરમાં સરગાસણ ખાતે રૂદ્રભૂમિ અંતિમધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ અંતિમધામનું સંચાલન જુસિકા દ્વારા કરવામાં આવે છે.

શહેરમાં સેક્ટર-૩૦માં આવેલ મુક્તિધામ ખાતે ઘણી વખત સ્વજનોને પ્રતિક્ષા કરવી પડતી હોય છે. અને નવા સેક્ટરના રહીશોને દૂર પડતુ હોવા છતા પણ સે. ૩૦ મુક્તિધામ ખાતે આગ્રહ રાખતા હોય છે.

જુસિકા દ્વારા સરગાસણમાં આવેલ રૂદ્રભૂમિ અંતિમધામનો ઉપયોગ કરનાર સેક્ટર- ૧ થી ૪ ના રહીશોને મફત શબવાહિની સેવા પુરી પાડવામાં આવશે તેમ જણાવ્યુ છે. તેમજ નવા સેક્ટરો ઉપરાંત ઈન્ફોસિટી, કુડાસણ, વિસ્તારના રહીશોને પણ સ્વજનના મૃત્યુ બાદ અગ્નિસંસ્કાર કરવા માટે રૂદ્રભૂમિ અંતિમધામનો ઉપયોગ કરવા જુસિકાએ જણાવ્યું છે.

# ડ્રાઈવરોએ ફરજ પર ફરજીયાત ગણવેશ પહેરીને આવવું પડશે

## ગણવેશ નહીં પહેરીને આવનાર ડ્રાઈવર સામે શિસ્તભંગના પગલા લેવાશે

ગાંધીનગર, તા.૧૨

સચિવાલયના વિભાગો સહીત રાજયની તમામ સરકારી કચેરીઓમાં ડ્રાઈવરોએ ફરજીયાત ગણવેશ પહેરીને ફરજ પર આવવાનું રહેશે. ગણવેશ નહીં પહેરનાર ડ્રાઈવરો સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

સચિવાલયના વિભાગો ખાતાના વડાઓ અને જિલ્લા કચેરીઓમાં ડ્રાઈવરોને એક વર્ષમાં બે જોડી ગણવેશનું કાપડ ગણવેશની સિલાઈ ભથ્થુ તથા આ ગણવેશની ધોલાઈ માટે માસિક ધોરણે રૂ. ૫૦નું ધોલાઈ ભથ્થું સરકાર દ્વારા આપવામાં આવે છે.

સરકારના ઉચ્ચ અધિકારીઓના તથા અન્ય વાહનો ચલાવતા ડ્રાઈવરો તેમના માટે નિયત કરવામાં આવેલ ગણવેશ પહેરીને જ તેમની ફરજ ઉપર આવે તેમજ ડ્રાઈવોના ગણવેશ અને બુટ ખરીદવા માટેના દરોમાં વધારો કરવામાં આવેલ આ વધારો કરવા ડ્રાઈવરોના મંડળ દ્વારા પણ રજુઆતો કરવામાં આવતી હતી.

સરકારને અનુભવે એવું જણાયેલ છે કે સરકારના ડ્રાઈવરો તેમની ફરજ ઉપર ગણવેશ પહેરીને આવતા નથી. આ બાબતે જુદા જુદા વિભાગો તરફથી પણ અભિપ્રાય મંગાવવામાં આવતા મહદ અંશે ડ્રાઈવરો દ્વારા ગણવેશ પહેરવામાં આવતો નથી તેવો અભિપ્રાય સરકારને મળેલ છે. પરિણામે ડ્રાઈવરોને ગણવેશ આપવાની યોજનાનો હેતુ અર્થસભર રહેતો નથી. આ સંજોગોમાં ડ્રાઈવરો દ્વારા તેમના માટે નિયત કરવામાં આવેલ ગણવેશ પહેરીને જ ફરજીયાતપણે તેમની ફરજ ઉપર આવે તે માટે સરકારે સૂચનાઓ બહાર પાડી છે. તેમ છતાં જો આ સૂચનાઓનું પાલનન કરે તો તેમની સામે પગલા લેવાનો પણ નિર્ણય કર્યો છે.

મહિનામાં પ્રથમ વખત ગણવેશ વિના ફરજ ઉપર આવશે તો તેમની જે તે દિવસની અડધા દિવસની પરચૂરણ રજા ગણવામાં આવશે જો મહિનામાં બે વાર ગણવેશ વિના આવશે તો તેમની જે તે દિવસની આખા દિવસની પરચૂરણ રજા ગણવામાં આવશે.

આ ઉપરાંત એક માસમાં બે દિવસથી વધુ વખત ગણવેશ વિના આવશે તેઓનું જે તે માસનું ધોલાઈ ભથ્થુ મળવાપાત્ર રહેશે નહીં. અને જે ડ્રાઈવર વર્ષમાં ૩૦ દિવસ ગણવેશ વિના આવે તો બીજા વર્ષે ગણવેશ મેળવવાપાત્ર થશે નહિ અને તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.






સંસ્કૃતિ સંસ્થા દ્વારા ગાંધીનગર ટાઉનહોલ ખાતે પ્રેમને 'જો વાચા હોત તો ?' શિર્ષક હેઠળ નવતર કાર્યક્રમ યોજાઈ ગયો. ચેરમેન શ્રી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના શ્રી યોગેશભાઈ ગઢવી દ્વારા આ શિર્ષક હેઠળ કાર્યક્રમનું રસવાહી સંચાલન કરવામાં આવ્યું હતું. નગરની વિવિધ સંસ્થાના વડાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નીમાવત)




# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૬
સૂર્યાસ્ત : ૬.૧૫

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૨.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૩૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
બેંગ બેંગ : ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૧૨.૪૫
લેફ્ટ બીહાઈન્ડ (અંગ્રેજી) : ૪.૦૦, ૯.૩૦
તમંચે : ૭.૦૦

: સ્ક્રીન-૪ :
તમંચે : ૧૦.૦૦
એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫
હૈદર : ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૫ :
એક્કીસ તોંપો કી સલામી : ૬.૩૦
તમંચે : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
બેંગ બેંગ : ૧૦.૦૦

: સ્ક્રીન-૬ :
બેંગ બેંગ : ૩.૪૫
એક્કીસ તોંપો કી સલામી : ૧૨.૪૫
તમંચે : ૭.૦૦
હૈદર : ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
તમંચે : ૧૦.૧૫, ૭.૧૫
જીગરીયા : ૧.૧૫, ૧૦.૧૫
હૈદર : ૪.૧૫

સ્ક્રીન-૩ :
એક્કીસ તોંપો કી સલામી : ૧૦.૦૦, ૪.૦૦
સ્પાર્ક : ૧.૦૦, ૭.૦૦
હૈદર : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. મોરલીભાઈ મોહનાભાઈ કોળી (ઉ.વ.૫૫) ગામ - ફતેપુરા, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. રામીબેન હિંમતભાઈ ઠાકોર (ઉ.વ.૧૦૦) મુ.પો. પીંડારડા, તા. જી. ગાંધીનગર
- સ્વ. શામળભાઈ મરઘાભાઈ પટેલ (ઉ.વ.૮૬) વચલી ખડકી, ગામ - વાવોલ, તા.જી. ગાંધીનગર